__ક્રિમિનલ કેસ નંબરઃ–૨૦૦૦૮૦/૨૦૦૭,  ના કામે આંક–૧,  લગત હુકમ.__

(૧)  પોકાર કરતાં  આરોપી હાજર નથી. આરોપીના વિ.વ.શ્રી હાજર છે. ફરિયાદ પક્ષના પ્રોસીકયુટર હાજર નથી,પરંતુ તેમના તરફે આંક–૫૩  થી પુરસીસ રજૂ થયેલ છે.  પ્રસ્તુત કામે રેકર્ડ જોવામા આવે તો ફરિયાદી ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ છે અને તેઓએ આરોપી વિરૂઘ્ધ ઈન્કમટેક્ષ એકટની જોગવાઈ મુજબ ફરિયાદ દાખલ કરેલી છે.  સદર ફરિયાદના કામે આરોપી તરફે આંક–૩૯  તથા આંક–૬૩ થી ડિસ્ચાર્જ અરજી આપવામા આવેલ છે, જે તેઓએ પરત ખેંચેલી જેમાં  મુખ્યત્વે કારણ એ હતું કે, ઈન્કમટેક્ષ ખાતાએ કરેલ હુકમ વિરૂઘ્ધ આરોપીએ ઈન્કમટેક્ષ એપેલેટ ટ્રીબ્યુનલમાં અપીલ કરેલ જેમાં આરોપીના તરફેણમાં હુકમ થયેલ અને તે હુકમના વિરૂઘ્ધ ફરિયાદ પક્ષ ગયેલ નથી. સદર કામ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર હતું, પરંતુ ફરિયાદ પક્ષે ચાર્જ અંગેનો કોઈ પુરાવો રજૂ કરેલ નથી અને આંક–૬૬ થી  પુરસીસ આપી જણાવેલ કે,  ઈન્કમટેક્ષ એપેલેટ ટ્રીબ્યુનલના હુકમ વિરૂઘ્ધ  ઈન્કમટેક્ષ ખાતાએ હાઈકોર્ટમાં અપીલ કરેલ જે અપીલમાં ઈન્કમટેક્ષ ખાતાની વિરૂઘ્ધમાં થયેલ હુકમ કાયમ  રાખેલ અને તે સંજોગોમાં તેઓ ચાર્જ અંગેનો કોઈ પુરાવો આપી શકે તેમ નથી. આમ ફરિયાદ પક્ષની પુરસીસ જોતાં  તેઓ ચાર્જ અંગેનો પુરાવો આપી શકે નહી તેવી હકીકત જણાવેલ છે અને જયારે આરોપીનો ચાર્જ અંગેનો પુરાવો રજૂ થતો ન હોય તેવા સંજોગોમાં ક્રિ.પ્રો.કો.કલમઃ ૨૪૫(૧), અન્વયે ચાર્જના પુરાવાના અભાવે આરોપીને બિનતહોમત છોડી મૂકવાનો હુકમ કરવામા આવે છે.

અમદાવાદ.
તા.૨૦/૦૬/૨૦૧૮.

( કિર્તી  જયંતિલાલ દરજી)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિટ્રેટ,
અમદાવાદ.
GJ-00461